ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૨૮.૫ ડીગ્રી
લઘુતમ : ૨૩.૮ ડીગ્રી
ભેજ
સવારે ૯૮ ટકા ● સાંજે ૯૭ ટકા

# આવતીકાલથી આરંભાશે શ્રાદ્ધ પર્વ

ગાંધીનગર, તા.૩૧

ગણેશ ચતુર્થી બાદ ભાદરવા સુદ પૂનમથી ભાદરવા વદ અમાસ ૧૬ દિવસ સુધી પિતૃના શ્રાદ્ધ થશે. આ દિવસ દરમિયાન બ્રાહ્મણ જમાડવાનું ખૂબ જ મહત્વ છે પરંતુ આ વર્ષે કોરોનાને કારણે સમૂહ જમણવાર તો નહીં થાય. પરંતુ દરેક પોત પોતાના ઘરના ધાબા ઉપર કાગડાને વાસ જરુરથી નાખશે.

પિતૃ માટે શ્રદ્ધાથી કરવામાં આવેલ મુક્તિ કર્મ એટલે શ્રાદ્ધ. પિતૃને ચોખા કે તલ મિશ્રિત કરીને જળ અર્પણ કરવાની ક્રિયા એટલે તર્પણ અથવા તો પિંડ દાન. પિતૃ ના મરણ ના બે વર્ષ બાદ ત્રીજા વર્ષે તેમને શ્રાદ્ધ ભેળવવામાં આવે છે.

પિતૃયજ્ઞ કે શ્રાદ્ધ માટે અશ્વિન મહિનાની કૃષ્ણ પક્ષ જ નક્કી કરવામાં આવ્યું છે. સૂર્ય કન્યા રાશિમાં રહેતા સમયે અશ્વિન કૃષ્ણ પક્ષ પિતૃપક્ષ કહેવાય છે જે આ પક્ષ અને ત્યાગની થી પર પોતાના પિતૃઓનું શ્રાદ્ધ કરે છે તે શ્રાદ્ધથી પિતૃ તૃપ્ત થઈ જાય છે. કન્યા રાશિમાં સૂર્ય રહેવા ઉપર પણ જ્યારે સાથ નથી થતું ત્યારે પિતૃ તુલા રાશિના સૂર્ય સુધી સમગ્ર કારતક મહિનામાં સાંજની રાહ જુએ છે અને ત્યારે પણ જો શ્રાદ્ધ ન કરવામાં આવે તો સૂર્યદેવના વૃશ્ચિક રાશિ ઉપર આવતા પિતૃ નિરાશ થઈને પોતાના સ્થાન પર પરત ફરે છે એવું કહેવાય છે. શ્રાદ્ધ પક્ષ દરમિયાન વ્યસન અને માંસાહાર સંપૂર્ણ રીતે વર્જિત મનાય છે. પૂર્ણતઃ પવિત્ર રહીને જ શ્રાદ્ધ કરવામાં આવે છે. આ ઉપરાંત શ્રાદ્ધ પક્ષમાં શુભ કાર્યો કરી શકાતા નથી.અને ક્યારે પણ રાત્રે શ્રાદ્ધ કરવામાં આવતું નથી. શ્રાદ્ધ નો મુખ્ય સમય બપોરે સાડા બાર વાગ્યાથી એક વાગ્યાની વચ્ચે યોગ્ય માનવામાં આવે છે. આમ તો ગુજરાતના કુટુંબો માં દરરોજ કુતરા અને ગાય માટે એક અંશ અન્નો રાખે છે પરંતુ જે આ આદત ની સાથે ટેવાયેલા ન હોય તે પણ શ્રાદ્ધના દિવસો દરમિયાન કાગડા, કુતરા અને ગાયો માટે અન્નનો એક અંશ કાઢે છે આ પાછળ એવી માન્યતા છે કે આ દરેક યમરાજાની ખૂબ જ નજીક છે.

શ્રાદ્ધ સત્ય અને શ્રદ્ધાથી કરવામાં આવેલું કર્મ છે જે કર્મથી માતા-પિતા અને પૂર્વજો તૃપ્ત થાય થાય એ તર્પણ છે. આ શ્રાદ્ધ અને તર્પણ આપણા પૂર્વજો અને માતા પિતા પ્રત્યેનો સન્માનનો ભાવ છે. શ્રાદ્ધ થી જ પિતૃઋણ ચૂકતે થાય છે તેવું માનવામાં આવે છે. શ્રાદ્ધ અનેક પ્રકારના છે નિત્ય, નૈમિત્તિક, કાંસ્ય, વૃદ્ધિ, પાર્વણ, સંઘિંડન, ગોષ્ઠ, શુદ્ધિ, કર્માંગ, દૈવિક, યાત્રા અને પુષ્ટિ શ્રાદ્ધ.

આ ઉપરાંત દેવ તર્પણ,ઋષિ-તર્પણ, દિવ્ય માનવ તર્પણ, દિવ્ય પિતૃ તર્પણ, યમ-તર્મણ, મનુષ્ય-પિતૃ-તર્પણ એમ પુરાણોમાં પિંડ દાનને મુખ્ય છ ભાગમાં વિભાજીત કરવામાં આવ્યા છે.

### શ્રાદ્ધનું મહત્વ અને શ્રાદ્ધ કર્મના લાભ

- **વેદમાં જણાવ્યા મુજબ શ્રાદ્ધ કરવાથી પિતૃ ઋણ ચૂકવી શકાય છે.**
- **પુરાણ મુજબ શ્રદ્ધાયુક્ત થઈને શ્રાદ્ધકર્મ કરવાથી પિતૃઓ ફક્ત પિતૃ જ નહીં પરંતુ બ્રહ્મા ઇન્દ્ર રુદ્ર અશ્વિનીકુમારો, સૂર્ય ,અગ્નિ, વાયુ સાથે સમસ્ત ભૂત પ્રાણી પણ તૃપ્ત થાય છે.**
- **શ્રાદ્ધ કર્મ થી સંતુષ્ટ થઈને પિતૃ પોતાના પરિવારજનો ને આયુષ્ય, યશ, કીર્તિ, સ્વર્ગ, વૈભવ, સુખ ,ધન અને ધાન્ય મળે તેવા આશીર્વાદ આપે છે.**



# મુસાફરને લુંટનાર રીક્ષા ચાલકને નાગરીકોએ મેથીપાક ચખાડ્યો

### રીક્ષા ચાલકે મુસાફરને છરો બતાવી ને રૂ.૭૩૦ ની લુંટ ચલાવી હતી

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર નજીક અમિયાપુર નર્મદા કેનાલ પાસે રીક્ષા ચાલકે મુસાફરને છરો બતાવી ને રૂ.૭૩૦ ની લુંટ ચલાવી હતી. ત્યારબાદ મુસાફર નજર ચુકવીને ભાગવા જતા લુંટારૂઓ અને નાગરીકો વચ્ચે મારામારીના દ્રશ્યો સર્જાયા હતા. સ્થાનિક નાગરીકોએ દોડીને લુંટરૂઓને પકડી પાડી અડાલજ પોલીસ મથકે લઈ જતા ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ શરુ કરી છે.

મળતી વિગત મુજબ મુળ બિહારનો યુવક મુકેશ વિજય પાસવાન કોબા નજીક આવેલી સાઈટ પર સેન્ટીંગનું કામ કરે છે. તે તેમજ તેની સાથે કામ કરતો સચિંદર દાસ બંને તપોવન થી કોબા સર્કલ આવવા એક રીક્ષામાં બેઠા હતા. અમિયાપુર ગામના પાટીયા પાસે એક મંદિર નજીક આવવરૂ જગ્યાએ રીક્ષા ચાલકે રીક્ષા ઉભી રાખીને ભાડુ આપી ઉતરી જવા કહ્યુ હતું.જેથી બેને યુવકો ૨૦ રૂપીયા ભાડુ ચુકવીને નીચે ઉતરી ગયા હતા.આ સમયે રીક્ષા ચાલકે છરો કાઢીને યુવકને થપ્પડ મારી દીધી હતી.જેને પગલે યુવકે ખીસ્સામાં પડેલા રૂ.૭૩૦ આપી દીધા હતા. યુવક આજીજી કરીનો નજર ચુકવીને ભાગવા જઈ રહ્યો હતો. ત્યારે લુંટારૂઓ અને તેમના વચ્ચે મારા મારી થઈ હતી. હોહા થતા દોડી આવેલા નાગરીકોએ બંન્ને પકડી પાડીને અડાલજ પોલીસને સોંપ્યા હતા. પોલીસે બંન્નો ઈસમોનું નામ પુછતા અમદાવાદના દિપક પ્રકાશભાઈ સોનવનો (જોગમાયા નગર અમરાઈવાડી), અને મંગેશ દુધરામ નીમ્જે (મનોહર નગર ગોમતીપુર) હોવાનું સામે આવ્યું છે પોલીસે બે યુવકો સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી શરુ કરી છે.



વરસાદે તો આ વખતે જાણે માઝા મૂકી છે. જયાં જુઓ ત્યાં પાણી પાણી અને ગંદકી... વળી ગાંધીનગરમાં તો છેલ્લા કેટલાય સમયથી વરસાદ પડતો હોવાથી હરિયાળી પણ ખૂબ જ વધી ગઈ છે. જેના કારણે જીવજંતુઓનો ઉપદ્રવ વધી ગયો છે. નાના જીવ જંતુઓ રખડતા પશુઓને ખૂબ જ પરેશાન કરતા હોવાથી તેઓ વરસાદથી ધોવાયેલા રોડ પર અડીંગો જમાવીને બેસી જાય છે. રોડ પર બેઠેલા આ પશુઓ રાહદારીઓને નડતરરૂપ રહે છે. વળી અંધારામાં તો વાહનચાલકોને નડતરરૂપ બને છે અને અકસ્માત પણ સર્જાઈ શકે છે.

# શહેરના શોપીંગ સેન્ટર્સમાં ફરી વિકસી રહેલા દબાણો !

### નાના શોપીંગ સેન્ટરના વેપારીઓ દુકાન બહાર માલસામાન મુકી ફુટપાથ પર દબાણ વધારી રહ્યા છે : ગ્રાહકોને ચાલવાની જગ્યાએ અવરોધ બનતા અનધિકૃત દબાણો



ગાંધીનગર, તા.૩૧

શહેરમાં થોડા સમય પૂર્વે ગેરકાયદેસર દબાણો દૂર કરવા અસરકારક કામગીરી હાથ ધરવામાં આવી હતી પરંતુ દર વખતની જેમ થોડા સમય પછી આ કામગીરી અટકાવી દેવામાં આવી અને આ કામગીરી દરમિયાન જે દબાણકર્તા તંત્રની ઝપટે ચડી ગયા તેમના દબાણો તુટયા જયારે જે રહી ગયા તે ફાયદામાં રહ્યા. જો કે આ કામગીરીથી શહેરમાં દબાણકર્તાઓમાં કોઈ પ્રકારનો ડર ઉભો થયો હોય તેવું જણાતું નથી અને ફરી ધીમે ધીમે દબાણો વધવાનું શરૂ થઈ જવા પામ્યું છે. શહેરના સેકટર-૩-બીમાં શોપીંગ સેન્ટરમાં વેપારીઓ દ્વારા દુકાનો આગળ ગ્રાહકો માટે ચાલવા બનાવાયેલી ફુટપાથ દબાવવાનું શરૂ કરી દીધું છે અને પહેલા છાપરું કે શેડ બનાવી પછી સામાન મુકીને દબાણ કરવામાં આવી રહ્યું છે જેના કારણે વસાહતીઓને ચાલવા માટે રસ્તો રહેવા પામ્યો નથી અને આ પ્રકારની પરિસ્થિતિ શહેરના અનેક સેકટરના શોપીંગ સેન્ટરમાં જોવા મળી રહી છે.

શહેરના નાના શોપીંગ સેન્ટર્સમાં અંદાજે દસેક ફુટની જગ્યાની દુકાનો બનાવાઈ છે જેમાં નના વેપારીઓ પોતાનો ધંધો કરી આવક રળી શકે પરંતુ ધીમે ધીમે આ દુકાનદારો દુકાન કરતા બમણી જગ્યાએ માલસામાન મુકવાના બહાને શેડ કરીને કવર કરી લેતા અચકાતાં નથી. દુકાન આગળ બનાવાયેલી ફુટપાથ ગ્રાહકો-મુલાકાતીઓને ચાલવા માટે હોય છે પરંતુ તેની પર દુકાનનો સામાન મુકી દેવામાં આવે છે અને ધીમે ધીમે તેનો જથ્થો વધારતા જઈને દબાણ કરવામાં આવે છે. આ સાથે માલસામાન ખરાબ ના થાય તે માટે ઉપર છાપરું કે શેડ બનાવી દેવાય છે પછી માલસામાન કે કાઉન્ટર ટેબલ એ રીતે ગોઠવવામાં આવે છે જેથી કોઈ ગ્રાહક કે મુલાકાતી પસાર ના થઈ શકે અને આપોઆપ દુકાનનું ક્ષેત્રફળ વધી જાય. ગ્રાહકો માટે સામેના ભાગે એન્ટ્રી પોઈન્ટ ખુલ્લો રખાય છે જયાં પાર્કિંગ વિસ્તાર હોય છે એટલે દુકાનમાં જવા-આવવાનો રસ્તો ખુલ્લો રાખવાના બહાના તળે તે સ્થળે પાર્કિંગ કરવા દેવામાં નથી આવતું તેથી પાર્કિંગ લોટમાં વાહન માટે પણ જગ્યા ઘટતી જાય છે. વળી, સ્થાનિક કોર્પોરેટર્સ કે અગ્રણીઓ સાથે સાંઠગાંઠ રાખીને તંત્ર દ્વારા કોઈ પગલાં ના લેવાય તેની તકેદારી લેવામાં આવે છે. જો સત્વરે આ પ્રકારના અનધિકૃત દબાણોને રોકવામાં અને દૂર કરવામાં નહી આવે તો દબાણની સમસ્યા હજુ વધુ વકરી શકે છે અને તેના કારણે પ્રમાણિકતાથી દબાણ કર્યા વગર વેપાર કરતા વેપારીને નુકસાન જવા સાથે વસાહતીઓને પણ પરેશાનીનો ભોગ બનવું પડશે.

# અમીયાપુર તપોવન સંસ્કાર પીઠ ખાતે તસ્કરો ત્રાટકયા

### આશરે ૩ કિલો ૪૦૦ ગ્રામના છત્ર અને ૧૭૦ કિ.ગ્રામનું બાજુબંધ મળી કુલ રૂ. ૨,૪૦,૦૦૦ ની મત્તાની ચોરી

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર નજીક અમીયાપુર તપોવન સંસ્કાર પીઠ ખાતે રાત્રીના સુમારે ચોર ઈસમો ત્રાટકયા હતા. ચોર ઈસમોએ ગર્ભગૃહમાં પ્રવેશી ભગવાનની મૂર્તિ પર લગાવેલા ત્રણ ચાંદીના છત્ર અને ચાંદીના બાજુબંધની ચોરી કરી ઈસમો પલાયન થઈ ગયા છે. આશરે ૩ કિલો ૪૦૦ ગ્રામના છત્ર અને ૧૭૦ કિ.ગ્રામનું બાજુબંધ મળી કુલ રૂ. ૨,૪૦,૦૦૦ ની મત્તાની ચોરી થતા સમગ્ર વિસ્તારમાં હાહાકાર મચી જવા પામી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ તપોવન સંસ્કાર પીઠના જનરલ મેનેજર જયેશભાઈ મનસુખલાલ મહેતાને સવારના ૬ વાગ્યાના અરસામાં દેરાસરના મેનેજર પ્રકાશભાઈ શાહે ફોન કરીને ચોરી અંગે જાણ કરી હતી. જેથી તેઓ તાત્કાલીક દેરાસર ખાતે પહોંચી ગયા હતા. દેરાસરની અંદર દાન પેટી તુટેલી હતી, જે ગર્ભગૃહના દરવાજા બંધ હતા, તેમાં શંખેશ્વર પાશ્વનાથ ભગવાનના ગર્ભગૃહના ત્રણ સળીયા તુટેલા હતા. જેમાં તપાસ કરતા મુલ નાયક ભગવાનના ઉપરનું ૧.૭૦૦ કિલોનું ચાંદીનું છત્તર અને ૧૭૦ ગ્રામના બાજુબંધ ન હતા. બીજીતરફ મહાવીર સ્વામી ભગવાન તેમજ શંખેશ્વર પાશ્વનાથ ભગવાન પર લાગેલા બે છત્તર બંનેનું વજન ૮૫૦-૮૫૦ ગ્રામ હતું. ત્રણ છત્તર અને બાજુબંધની કુલ કિં. ૨.૪૦ લાખ મત્તાની ચોરી થવા પામી છે. તપોવન સંસ્કાર પીઠમાં ૧૩ દરવાજા અને ગર્ભગૃહના ત્રણ દરવાજા આવેલા છે. આ તમામ દરવાજામાં સેન્સર ફીટ કરેલા તેમજ તે કાર્યરત પણ છે છતા પણ રાત્રે એક પણ સેન્સર વાગ્યું નથી. તે ઉપરાંત ૧૩ દરવાજમાંથી એક પણ દરવાજો તુટેલ નથી અને તમામ દરવાજા અંદરથી બંધ હતા. દેરાસર અને ગર્ભગૃહમાં સીસીટીવી કેમેરા ફીટ કરેલા છે.જેમાં બે ઈશમો ચોરી કરતા નજરે પડે છે.મંદિરની નીચે તરફ મલીભદ્રવીર દેવના દરવાજાનું તાળુ તુટેલી હાલતમાં હતું.અને સમાધી મંદિરનું પણ તાળુ તુટેલી હાલતમાં હતું. પરંતુ તેમાંથી ખાસ કોઈ ચોરી થવા પામી નથી. બનાવ અંગે અડાલજ પોલીસે ગુનો નોંધી પીઆઈ ડી.એ.ચૌધરીએ ચોર ઈસમોને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

# પૂજ્ય ગુરુમાની ભાગવત કથાની વિડીયો-ઑડિયો પેનડ્રાઈવનું ડૉ. જયંતી રવિના હસ્તે લોકાર્પણ

### રોગમુક્ત હોવું એ જ માત્ર સ્વસ્થતા નથી, આધ્યાત્મિકતા પણ સ્વસ્થ જીવનની નિશાની છે : ડો. જયંતી રવિ

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગરના સમદર્શન આશ્રમના પરમ પૂજ્ય ગુરુમાં સમાનંદ સરસ્વતીજીની ડિસેમ્બર ૨૦૧૯માં યોજાયેલી શ્રીમદ ભાગવત કથાની વિડીયો-ઓડિયો પેનડ્રાઈવનું આરોગ્ય વિભાગના અગ્ર સચિવ શ્રીમતી ડૉ. જયંતી રવિએ લોકાર્પણ કર્યું હતું.

પૂજ્ય ગુરુમાની પાવન ઉપસ્થિતિમાં લોકાર્પણ કરતાં શ્રીમતી ડૉ. જયંતી રવિએ કહ્યું હતું કે, જીવનમાં સત્તા, ધન, વૈભવ, સુખ-સગવડ મળે છતાં પરમ તૃપ્તિનો અહેસાસ તો ભક્તિ અને પ્રભુ પ્રત્યેના અનન્ય પ્રેમથી જ પ્રાપ્ત થાય છે. ભાગવત કથા એ અમૂલ્ય ખજાનો છે જેનાથી જીવનમાં ભક્તિ અને પ્રભુ પ્રત્યેનો પ્રેમ પ્રગટે છે.

શ્રીમતી ડૉ. જયંતી રવિએ કહ્યું હતું કે, વર્તમાન સમયમાં સ્વસ્થતાનો અર્થ એટલે માત્ર શારીરિક સ્વાસ્થ્ય જ નહીં. માત્ર રોગમુક્ત હોવું એ જ સ્વસ્થતા નથી. આધ્યાત્મિક સ્વસ્થતા અને વેલ બીઈંગ હોવું પણ જરૂરી છે. તેમણે કહ્યું કે, ન્યુ નોર્મલની આ



પરિસ્થિતિમાં-આધુનિક સમયમાં ભાગવત કથા અત્યંત ઉપયોગી નીવડશે. અનેક વ્યસ્તતા વચ્ચે જ્યારે પણ સમય મળે ત્યારે તેનો સદુપયોગ કરીને આવી કથાઓનું શ્રવણ કરવાથી આધ્યાત્મિક સ્વાસ્થ્ય જળવાઈ રહે છે.

ડૉ. શ્રીમતી જયંતી રવિએ કહ્યું હતું કે, જગતમાં આપણે ગમે તેટલા પ્રવૃત રહીએ અને પોતાનાં કાર્યોમાં વ્યસ્ત રહીએ પરંતુ ભક્તિથી ભાવજગતમાં ઊર્જાનો સંચાર થાય છે, જે વધુ સારી રીતે અને વધુ સારા કામ કરવા અંતરને પ્રેરિત કરે છે. ભક્તિની શક્તિ વડે, ભક્તિનો સ્પર્શ અડે તો નાના-મોટા તમામ કર્તવ્ય વધુ સારી રીતે થાય.

પૂજ્ય ગુરુમાએ આશીર્વચન આપતાં કહ્યું હતું કે, વધુ ને વધુ લોકો ઈશ્વરાભિમુખ થાય એ જ આ ભાગવત કથા કે વિડીયો-ઓડિયો પેનડ્રાઈવનું પ્રયોજન છે. આ સમગ્ર સંસારનો દોરીસંચાર ઈશ્વરના હાથમાં છે, આપણે તો કેવળ કઠપૂતળી છીએ. આપણાં કાર્યો ઈશ્વરના દોરીસંચાર વિના શક્ય નથી. તેમણે તમામ સદકાર્યો માટે ઈશ્વરનો આભાર માન્યો હતો.

પૂજ્ય ગુરુમાની સંપૂર્ણ ભાગવત કથા ૬૪ જી.બી.ની એક એવી ૩ વિડિયો પેનડ્રાઈવમાં અને એક ઓડિયો પેનડ્રાઈવમાં સમાવિષ્ટ છે. પેનડ્રાઈવ મેળવવા માટે શ્રી રાજેશભાઈ દેસાઈનો (ફોન નં ૯૯૭૮૧૧૧૨૨૩) નો સંપર્ક કરવા અનુરોધ છે.

આ પ્રસંગે ભાગવત કથાના મુખ્ય યજમાન અને સમદર્શન ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી કિરીટભાઈ અધ્વર્યુ, શ્રીમતી સંગીતાબેન અધ્વર્યુ, મુખ્ય યજમાન શ્રી કિરણભાઈ કનાડીયા અને શ્રીમતી સીમાબેન કનાડિયા ઉપસ્થિત રહ્યા હતા.



સતત પડી રહેલા વરસાદે ગાંધીનગરમાં નર્કાગાર જેવી સ્થિતિ સર્જી છે. ઠેર ઠેર પડેલા ભૂવા કોહવાતો કચરો અને ગંદકીએ પાટનગરની સિકલ બદલી નાંખી છે. વળી છેલ્લા કેટલાક સમયથી શહેરમાં ઉભરાતી ગટરોની સમસ્યા વકરી રહી છે. સેકટર-૧૫માં આઈટીઆઈટ પાછળ ગટરનું પાણી વરસાદી પાણી સાથે ભળી જતાં ખૂબ જ દુર્ગંધ ફેલાય છે અહીં રહેતા વસાહતીઓ ખૂબ જ પરેશાન થઈ રહ્યા છે.

# ઈન્ડિયન લાયન્સ ગાંધીનગરનો શપથવિધિ કાર્યક્રમ યોજાયો




ઈન્ડિયન લાયન્સ ગાંધીનગરની શપથવિધિ રવિવારના રોજ કરવામાં આવી હતી. જેમાં પ્રેસિડેન્ટ તરીકે શિલ્પાબેન દેસાઈએ શપથ ગ્રહણ કર્યા હતા. આ કાર્યક્રમમાં નેશનલ ચેર પર્સન આશાબેન પંડ્યા, મોનાબેન રાવલ, કુંપલબેન દવે, ચિફ પેટ્રન હિતેશભાઈ પંડ્યા, અક્ષય ભાઈ ઠક્કર, રસ્મિતા બેન ગોંડલીયા, રાધેશ્યામભાઈ યાદવ, મનીષા ગોહિલ, ભરત દેસાઈ તથા હિતેશભાઈ ગોંડલીયા એ હાજરી આપી હતી.

# આજે સે-૭ ખાતે ગાંધીનગર શહેર વસાહત મહાસંઘ ની બેઠક મળશે

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર શહેર વસાહત મહાસંઘ દ્વારા શહેરની સમસ્યાઓ ને ઉજાગર કરવા ચલાવવામાં આવતા જનતા રેડ આદોલન સંદર્ભે આજે તા. ૧/૯/૨૦૨૦ ના રોજ સવારે ૧૧ વાગે સેકટર-૭ શિવશક્તિ મંદિર પાસે સેકટર-૭-સી વસાહત મંડળના પ્રમુખ લાલુભા વાઘેલાની આગેવાનીમાં બેઠક મળશે અને સ્થાનિક પ્રશ્નોની ચર્ચા કરી સંકલન કરવામાં આવશે. સેકટર-૭ એ બી સી ડી ના વસાહતી આગેવાનોને હાજર રહેવા કેસરીસિંહ બિહોલા, રાજેન્દ્રભાઈ પારેખ, પ્રદીપસિંહ બિહોલા દ્વારા જણાવાયું છે.

### ચિરવિદાય

- સ્વ. પટેલ મંગુબેન માણેકલાલ, ઉ.વ. ૮૦, મુ. શેરથા, તા. ગાંધીનગર
- સ્વ. વાઘેલા અમરસિંહ લક્ષ્મણસિંહ, ઉ.વ. ૬૫, પેથાપુર, તા. ગાંધીનગર
- સ્વ. પટેલ શકરાભાઈ સાંકાભાઈ, ઉ.વ. ૭૭, પેથાપુર, તા. ગાંધીનગર
- સ્વ. સવિતાબેન કેશરગીરી બાવા, ઉ.વ. ૮૧, પીલવાઈ, તા. વિજાપુર, મહેસાણા